# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

કાનુડો બહુ પ્યારો લાગે
ઘડીક લાગે ઓરો,
ઘડીક બહુ આઘેરો લાગે !
કાનુડો બહુ પ્યારો લાગે !
ગાલે ખંજન, નયને અંજન
નટખટ નયન મટકાવે !
ગોપી ઘરમાં છાનો પેસી
માખણ મિસરી ખાવે !
જશોદાજીનો જાયો કેવો
સૌની આંખનો તારો લાગે !
કાનુડો બહુ પ્યારો લાગે !

- ઉદય ચંદ્રકાંત

## પાથેય

- રમેશ ઠક્કર

### પરમ સખા કૃષ્ણ...

આપણા સાહિત્યનું અદકેરૂં પાત્ર એટલે કૃષ્ણ. એવું કહેવાય છે કે ભારતની કોઈપણ ભાષામાં લખતો એક પણ સર્જક એવો નહીં હોય જેણે કૃષ્ણ વિશે ના લખ્યું હોય ! કૃષ્ણ એ કેવળ ભકિતનો જ વિષય હોત તો કવિઓ કે લેખકોને આટલું બધું વિસ્મય ના હોત..પરંતુ કાનજીની વેબસાઈટ એટલી વૈવિધ્યસભર છે કે કવિને ઘડીભર વિસ્મય થાય છે કે એને ક્યા નામે લોગ ઈન કરૂં ! તમે જો ભકત બનીને સ્મરણ કરો તો માધવ એક છત્ર છે જે તમને તમામ સંતાપની સામે રક્ષાકવચ પૂરૂં પાડે છે..એની સાબિતી છે નરસૈયો અને મીરાં જેવાં ભકતશિરોમણી...આપણે જો એને દોસ્ત માનીએ તો એની દિલાવરી આપણને ન્યાલ કરી જાય છે..એનાં ઉદાહરણ છે સુદામા અને અર્જુન જેવા સખાઓ..આપણે એને બાળક માની લાડ લડાવીએ તો એ આપણને વિશ્વરૂપ દર્શન કરાવી શકે છે..તમે જો ગોપીભાવ ધારણ કરો તો એ નટખટ કનૈયો બની ઉલ્લાસમય રાસ ગવડાવી શકે છે..એટલે જ કવિ કહે છે કે કાનો બહુ લાગે પ્યારો કયારેક ઓરો એટલે કે બિલકુલ આપણા દિલની નજીક, તો કયારેક વિરહની અનુભૂતિ કરાવતા દૂર દૂર છતાં જાણે આસપાસ ! આપણે બર્થ ડે પાર્ટી તો ઘણી જોઈએ છીએ..કૃષ્ણ એવું લાડકું નામ છે જેનો જન્મદિવસ એક ઉત્સવ બની જાય છે..એ જન્માષ્ટમી કહેવાય છે.જગતમાં કોઈ જનનાયકનો જન્મોત્સવ આટલી ભવ્ય રીતે નહીં ઉજવાતો હોય..માધવ એ સાચા અર્થમાં લોકનાયક છે..લોકો બાળ કાનુડાની વિવિધ અદાઓ માટે અવનવાં કલ્પનો કરે છે..એના ગાલનાં ખંજન..એની અદાઓ..એની આંખોનાં અંજન..સાચે જ એનું શિશુ સ્વરૂપ અભિભૂત કરે એવું હોય છે.કાન અને ગોપીઓના સંવાદો એમના પ્રસંગો,એમનાં રિસામણાં અને મનામણાં..એકબીજા તરફનો તલસાટ અનેક પદોમાં કાવ્યત્વ પામ્યો છે..માખણ અને મિસરી સંતાડતી ગોપીઓ..ગોવાળિયાઓ સાથે એની ચોરી કરતો કાનુડો..એની તરકીબો અને એનું નટખટપણું છેવટે તો એના વિજયસમું બની રહે છે..કાનુડાની સામે પરાસ્ત થવામાં પણ ગોપીઓના આનંદ આવે છે..એ જશોદાનો જાયો છે પરંતું સૌની આંખોનો તારો છે..એણે ગોકુળ મથુરા સહિત આખી વ્રજભૂમિને ઘેલી કરી છે.હજારો વરસ વિતવા છતાં એની મોહિની આજે પણ એવી ને એવી છે.. કૃષ્ણ વિશે નરસિંહનાં પદો છે..મીરાંએ ગાયેલાં ગીતો છે..ગુજરાતીમાં હરિન્દ્ર દવે લખેલું "કૃષ્ણ અને માનવસંબંધો " નામે અદ્ભુત પુસ્તક છે..ઓશો રજનીશે પણ અદ્ભુત વાતો કરી છે..રામ એ મર્યાદા પુરૂષોત્તમ છે તો કૃષ્ણ એ પૂર્ણ પુરુષોત્તમ છે..એ યોગેશ્વર છે..ધર્મરક્ષક છે..તારણહાર છે..આપણા રથનો સારથી છે..સખા છે..પરમ મિત્ર છે..જાણીતા લેખકોની કલમે તો ઘણું લખાયું છે..પણ નવા લેખકો પણ એમના વિશે કેટલું સરસ લખે છે..! "આપણને ગમતું એક માત્ર પાત્ર જે છે તે શ્રી કૃષ્ણ છે...કેમકે તે ત્યાગશીલ છે ,ક્ષમાશીલ છે, ભાવનાત્મક છે, તે રક્ષક છે તે તક્ષકોનાં પણ ઉદ્ધારક છે, તે શાંત છે, તે શ્રેષ્ઠ છે, તે ઉતુંગશીખર છે ભકિતનું, તે સાગર છે, તે અંતરીક્ષ છે, તે સર્જક છે ,તે શત્રુઓના વિધ્વસંક છે, તે આનંદ છે તેના હૈયામાં પણ શોક છે તે બહારથી હરહંમેશ હસતા રહે...ભીતરથી છલોછલ. કૃષ્ણ એટલે આંધળો વિશ્વાસ....યાદ છેને પાંચાલી, કૃષ્ણ એટલે ગુરૂપદ...યાદ છેને અર્જુન.....કૃષ્ણ એટલે સતજન યાદ છેને ગાંધારી...અને તેનો શ્રાપ.....કૃષ્ણ એટલે ચમત્કાર જરાય નહીં ,કૃષ્ણ એટલે મોહિની પેલી ઘેલી રાધા આજેય મોહિત છે, પેલું ગોકુળ આજેય છે તેના કાનાની, યશોદાનાં માખણ આજે બાળમાખણચોરને શોધે છે...લીલાઓ વચ્ચે વહેચાંયેલો કૃષ્ણ સંઘળાઓને સ્પર્શે છે ... કૃષ્ણ એટલે તત્વનો મર્મ....કૃષ્ણ એટલે તત્વજ્ઞાનનું યુનિવર્સ....રાસ રમતા કૃષ્ણ પણ અચંભીત કરે અને વિશ્વરૂપ કૃષ્ણ પણ હું જ સર્વસ્વ છું....તેવો ભાસ કરાવે....કૃષ્ણ એટલે સુર્ય જે સઘળાના પોતને પ્રકાશે, કૃષ્ણ એટલે રણછોડ...પણ ડરથી નહીં કોઈનાં રક્ષણ કાજે...'સ્વજન હિતાય' કરતાં "સર્વજન હિતાય"નો સિદ્ધાંત એટલે કૃષ્ણ.....

કૃષ્ણ એટલે પ્રેમનો મહાસાગર....બસ બધા પામે જ પામે કોઈ તે કેમ વિસરે તેને.....કૃષ્ણ સદાચારી હતાં પણ તેઓ માત્ર પ્રેમથી જીવનનાં મર્મને દ્રષ્ટીભુત કરતાં....

કૃષ્ણ એટલે રાસલીલા અને લીલાનો એક સમંદર એટલે જ કૃષ્ણ.....સતત પોતાના ચમત્કાર થકી લોકઆશ્ચર્ય વચ્ચે લોકોને જીવતા શીખવે છે બસ ગીરી ગોવર્ધન ને ઉચકીને ગોકુળવાસીઓના જીવનને ફળીભુત કરે છે..,"

# ડ્રગ્સના ભોરિંગને નાથવાનું કામ સહેલું નથી

તંત્રીસ્થાનેથી...

ગુજરાત ડ્રગ્સ કારોબારનું પણ એપી સેન્ટર બની ચૂક્યું છે એની ભાગ્યે જ કોઈને કલ્પના સુધ્ધાં આવી હશે. પરંતુ વિવિધ બંદરો પર અને હવે છેક ઔદ્યોગિક વિસ્તારોમાંથી એનો મોટો જથ્થો પકડાયો છે ત્યારે તંત્ર આ મુદ્દે કેવ નઘરોળ બેદરકારી દાખવતું રહ્યું હતું અને મસ્તીથી ડ્રગ્સનો મલાઈદાર વેપલો નાક સામે જ ચાલ્યા કરતો હતો એની પ્રતીતિ થયા વિના રહેશે નહીં. નશાબંધી નીતિને વરેલા ગાંધીના રાજયમાં દારૂની છોળો ઊડતી રહી છે. કોથળીઓ પી પીને લોકો મરી રહ્યા છે અને સુખી ઘરના નબીરાઓ ઊંચી ક્વૉલિટીના દારૂ સાથે મસ્તી ચડાવતા ડ્રગ્સના રવાડે ચડી ગયા છે. સુખી અને સાધન સંપન્ન પરિવારોના નબીરા મોડી રાત સુધી એમને દાઢે વળગેલી 'આઈટમ' ની ડિલીવરી મેળવવા હાઈવે સાઈડે રઝળપાટ કરતા રહે છે. પેડલર માટે તો એ આજીવિકા પૂરી પાડતો ધંધો છે. ડિમાન્ટ છે એટલે પુરવઠો ઠલવાયા કરે છે. પહેલા એમ માનવામાં આવતું કે ડ્રગ્સ બહારથી આવે છે. આ મુદ્દે અફઘાનિસ્તાન બદનામ છે. પાકિસ્તાન પણ ભારતમાં ડ્રગ્સ ઘુસાડીને ભારતની નવી પેઢીને નમાલી કરી મૂકવાની કોઈ તક જતી કરવા તૈયાર નથી. આ એક પ્રકારનું યુદ્ધ જ છે જેમાં લોહી રેડવાની જરૂર નથી પડતી. બધો ખેલ ટાઢા કાળજે પતાવી દેવાય છે. પંજાબની સમૃદ્ધિ અને દેશભક્તિ સામે ડ્રગ્સ ઘુસાડી એને સાવ જ કંગાળ કરી મૂકવાનું કાવતરું પાડોશી દુશ્મન દેશે ઘડ્યું અને યવાધનથી લઈ છેક રાજય સરકારમાં બેઠેલા મજીઠિયા જેવા મંત્રી એનો શિકાર બની ગયા. ગુજરાત પણ પંજાબની જ કેટેગરીનું સમૃદ્ધ રાજય છે. વળી પંજાબને તો દરિયા કિનારાનો લાભ નથી જે ગુજરાતને છે. આથી ગુજરાતમાં ડ્રગ્સ ઘુસાડવા માટે જમીન અને દરિયાઈ માર્ગ - બેઉનો સફળતાપૂર્વક ઉપયોગ થતો રહે છે. મુંદ્રા પોર્ટ પરથી ડ્રગ્સનો મોટો જથ્થો પકડાય છે. સલાયા બંદર જેવાં નાના બંદરો ઉપરાંત અન્ય માર્ગોનો ઉપયોગ કરી વિવિધ પ્રકારની દાણચોરી મોટા પાયે ચાલતી રહી છે. આવા દાણચોરો એમના પંથકમાં દાનવીરો તરીકે પૂજાતા હોય છે. હાજી મસ્તાન અને શુકર બખિયા દંતકથા જેવા બની ગયા હતા તે સર્વવિદિત છે. ડ્રગ્સ મોંઘીદાટ કિંમતે વેચાય છે. એટલે એના અસંખ્ય નાના માણસોની રોજીરોટી ચાલે છે. આવા 'પેડલર' કે ડ્રગ સપ્લાયર સિફતથી ડ્રગ્સની હેરાફેરી કરતા રહે છે. પોલીસ સાથે અગાઉથી જ સાંઠગાંઠ રચાઈ ગયેલી હોય છે. એટલે કયારેક આવી છૂટી છવાઈ ઘટના બને છે અને પોલીસ એનો જશ લેવા બધા ફોટા કે વીડિયો જાહેર કરે છે ત્યારે તો એમ જ લાગે કે બહુ મોટું પરાક્રમ કરી દીધું ! હકીકતમાં ડ્રગ્સનો ધંધો, પ્રોડકશનથી લઈ સપ્લાય સુધીનો ગુજરાતમાં દાયકાઓથી ચાલતો રહ્યો છે. લાલીના મઠનો ડ્રગ્સ કાંડ તો બોલીવુડની અભિનેત્રી સાથે સંકળાયેલો હતો ! આ લાલીનો મઠ એક નાનકડું ગોસ્વામી બાવાઓનું ગામ છે જયાં ગોસ્વામીનો જ દીકરો આ ધંધામાં કરોડો રૂપિયાની કમાણી કરીને બોલીવુડને જથ્થો પૂરો પાડતો હતો. એ દેશ છોડીને બીજે રહેવા લાગ્યો ગયો છે. શેરબજાર જેવો જ ડ્રગ્સનો ધંધો માણસને બહુ ઓછા સમયમાં કરોડપતિ બનાવી દે છે. એથી આ ધંધો ગેરકાયદેસર હોવા છતાં ટૂંકા રસ્તે ધનકુબેર થઈ જવા માગતા મહત્ત્વાકાંક્ષી યુવાનો એમાં ઝંપલાવતા હોય છે. ડ્રગ્સ લેનારા તો તૈયાર જ બેઠા હોય છે. આ એવું વ્યસન છે જે માણસનો જીવ લઈને જાય છે. ડ્રગ્સના વ્યસનીને ડ્રગ્સ વગર એક દિવસ પણ ચાલતું નથી. આવો ગ્રાહક વર્ગ મોટા ઘરના નબીરાઓનો બનેલો હોય છે. શાહરૂખખાનના પુત્ર આર્યન પર ડ્રગ્સનો કેસ થયો તો શું થઈ ગયું ? શાહરૂખ ખાનના થોડા રૂપિયા ઓછા થયા પણ એથી આર્યનનું વ્યસન છૂટી ગયું એમ માનવું વધારે પડતું લેખાશે. આ જીવલેણ ધંધો ગુજરાતમાં ક્યાં ક્યાં ચાલે છે એની તટસ્થ તપાસ ગુજરાત બહારની એજન્સીઓ કરશે ત જ સાચી હકીકતો બહાર આવશે. એકલદોકલ ગામડાના છેવાડા વિસ્તાર પર રેડ પાડી દેવાથી એનો અંત આવવાનો નથી. કારણ કે ડ્રગ્સ એ ડ્રગ્સના વ્યસનીઓ માટે તો પ્રાણવાયુ સમાન બની જતાં હોય છે જે અંતે પ્રાણ લઈને જંપે છે.

# ભયે પ્રગટ ગોપાલા

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

શ્રાવણવદ આઠમ જન્માષ્ટમી છે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો આ નિમિત્તે એક ભક્તિથી ભરેલું પદ છે. એ અહીં આપ્યું છે આનું શીર્ષક છે - 'શ્રીકૃષ્ણ જન્મ સ્તુતિ.'

(૧) ભયે પ્રગટ ગોપાલા દીનદયાલા,
જસોમતી કે હિતકારી ।
હર્ષિત મહનારી રૂપ નિહારી,
મોહનમદન મોરારી ॥
(૨) કંસાસુર જાના મન અનુમાના,
પુતના વેગી પઠાઈ ।
તે મન મુસુકાઈ હર્ષીત ધાઈ,
ગઈ જહાં જદુરાઈ ॥
(૩) તેહી જાઈ ઊઠાઈ હૃદય લગાઈ,
પૈ ધરી મુખ પેં દિન્હો ।
તબ કૃષ્ણ કન્હાઈ મન મુસુકાઈ.
પ્રાણ તાહિ હરિ લિન્હો ॥
(૪) તબ ઈંદ્ર રિસાયે મેઘન લ્યાયે.
વસી કરે તેહી મોરારી ।
ગૌઅન હિતકારી સુરમુનિ ઝારી,
નખ પર ગિરિવર ધારી ॥
(૫) કંસાસુર મારી અતિ અહંકારી,
વચ્છાસુર સંહારી ।
બક્કાસુર આયો બહુત ડરાયો,
તાકો બદન વિનાશી ॥
(૬) તેહિ અતિદીન જાનિ પ્રભુ ચક્રપાણિ,
તાહિ દિન નિજ લોકા ।
બ્રહ્મા સુરરાઈ અતિ સુખ પાઈ
મગન ભયે ગયે સોકા. ॥
(૭) યહ છંદ અનુપા હૈ રસરૂપા,
જો નર પાકો ગાવૈ ।
તેહિ સમાન નહિ કોઈ ત્રિભુવન,
સોઈ મન વાંછિત ફલ પાવે ॥
(૮) નંદ જસોદા તપ કરો, મોહી સો મન લાય,
દેખ્યા ચાહત બાલમુખ, રહૌ કછુક દિન જાય ।

જિહીં નક્ષત્ર મોહન ભયે, સો નક્ષત્ર પરો આપ;
ચારુ બધાઈ રીતિ સબ, કરત જસોદા માય ॥

ભાવનગરમાં શ્રી શાન્તિભાઈ સંકીર્તનકાર હતા, કવિ હતા, સંગીતકાર હતા એમની કથા હોય, એમાં તેઓ સ્તુતિઓ - ભજનો ગાય અને ગરવાવે. સાથે સંગત આપવા વાદ્યવૃન્દ હોય. ઉપર્યુક્ત ભક્તિપદ આમાનું એક છે.

અનેક રીતે આ સ્તુતિ વિશિષ્ટ છે. આનો અનુપ્રાસ યુક્ત લય સંગીતને અનુરુપ છે સ્તુતિકારે પોતે જ કહ્યું છે - 'યહ છંદ અનુપા હૈ રસરૂપા.' માત્ર જન્મની વાત નથી, પછી તો શ્રીકૃષ્ણની બાળલીલાઓ વણી લીધી છે. પુતના વધ, ગોવર્ધન ધારણ, કંસવધ, વત્સાસુર વધ. બકાસુર વધ નંદઘરે જન્મોત્સવ. ઘટનાક્રમ આગળ પાછળ હોઈ શકે, પરંતુ આ વાત નગણ્ય છે. સ્તુતિ પોતે સરસ છે; એ મહત્ત્વનું છે. સ્તુતિકારના આરાધ્ય ભગવાન શ્રીકૃષ્ણને પ્રણામ.

# આ 'જન્માષ્ટમી'નો હો સંકલ્પ : દિખાવે કી દુનિયા સે રહેના હૈ દૂર !!

હળવે હૈયે
પ્રકાશ લાલા

'હમ કૈસી જિંદગી જી રહે હૈં ?'

ના, ભાઈ, ના.... આ 'એ બી' એ 'કેબીસી'માં એટલે કે ગ્રેટ અમિતાભ બચ્ચન સરે 'કૌન બનેગા કરોડપતિ' માં ચાર ઓપ્શન્સ સાથે પૂછેલો કોઈ પચ્ચીસ - પચાસ હજાર કે કરોડ રૂપિયા જીતાડતો પ્રશ્ન નથી.

આ તો આપણે સૌએ આપણી જાતને પૂછવાનો અને એનો 'સહી જવાબ' જાણી સ્વયંનું જીવન સુધારવા માટેનો - જીવન ઉર્ધ્વગતિ માટેનો મહામૂલો પ્રશ્ન છે.

'હું કોણ છું ?' અને 'હું આ જગતમાં કેમ આવ્યો છું ?' એવા વર્ષોથી પૂછાતા અને અન ઉત્તર રહેતા સવાલો જેવો જ આ 'હમ કૈસી જિંદગી જી રહે હૈ ?' પ્રશ્ન કહી શકાય... પરંતુ એનો સરસ ઉત્તર હમણાં અમને મળ્યો કે 'દિખાવે કી જિંદગી જી રહે હૈ હમ !' આ સાચું છે કે નહીં ? જરા આપણા હૃદય ઉપર હાથ મૂકીને અંતરાત્માને પૂછીએ !!

અમે આ જવાબ એક 'સ્ટ્રીટ પ્લે' નિહાળીને જાણ્યો. પૂ. પાંડુરંગ આઠવલેજી - પરમ વંદનીય દાદાજી - પ્રેરિત 'સ્વાધ્યાય' પરિવારના યુવાનો દ્વારા રજૂ કરાયેલ 'શેરી નાટક' માંથી આ સચોટ ને મનોરંજન માટે મજબૂર કરે એવો ઉત્તર મળ્યો છે. 'સ્વાધ્યાય' પરિવારના યુવકો દ્વારા પ્રતિવર્ષ જન્માષ્ટમી નિમિત્તે શ્રી યોગેશ્વર ભગવાનના વચનો - ગીતા બોધને ગૂંથી લઈ, પૂ.દાદાએ સમજાવેલ માનવ ગૌરવ - આત્મકલ્યાણ રૂપ વાતોને સહજ - સરળરુપે રજૂ કરી જનસમુદાય સુધી આ પ્રેરક સંદેશાને પહોંચાડવા સુંદર - અસરદાર એક શેરી નાટક રજૂ કરાતું હોય છે. ગાંધીનગરની શેરી એ શેરીએ - સૉરી, અહીં શેરીઓ કયાં ? સેકટર્સનાં ચોકઠે ચોકઠે તે નાટક પ્રસ્તુત કરવાનો યુવા 'સ્વાધ્યાયીઓ'નો અભિનંદનીય ઉપક્રમ રહ્યો છે.

આ વર્ષના એમના 'સ્ટ્રીટ પ્લે 'નો વિષય છે : 'દિખાવેગી દુનિયા' બ્લેક પેન્ટ - વ્હાઈટ ઝભ્ભો ને લાલ ખેસના સાદા 'કોસ્ચ્યુમ'માં સજ્જ, સ્વાધ્યાયી યુવા અભિનેતાઓ, 'દેખો... દેખો, બડે દેખો.... છોટે દેખો..., ભાઈઓ દેખો.... બહેનો દેખો..., ઉપરવાલે દેખો... નીચે વાલે દેખો.... 'ના 'કોરસ' સાથે, એકત્ર પ્રેત્રકોને 'એટેન્ટીવ' બનાવી, ભજવતા નાટકમાં આપણે બધા 'પ્રેક્ટિકાલીટી' કે 'વ્યવહારુતા' ના નામે આપણું અસલી સ્વરુપ - સ્વભાવ છૂપાવીને જે મહોરાવાળી જિંદગી જીવી રહ્યા છીએ તે રજૂ કરીને, આપણી આ બેવડી નીતિ-રીતિ સામે લાલબત્તી ધરે છે અને મોટા દેખાડા ને દંભમાંથી મુક્ત થઈ, પ્રભુને પસંદ એવું સરસ - નિખાલસ - જેવા છીએ તેવું - જીવન જીવવાનો પ્રેરણાદાયી સંદેશો આપે છે.

પોતાની બીમાર પત્નીની દવા માટે ઉછીના પૈસા આપવાની દયા કરવા આજીજી કરતા ઘરના સેવકને ધુત્કારી કાઢતા શેઠજી મંદિર બાંધવા રાજી રાજી થઈ ખોબલે ખોબલે ઢગલો રૂપિયા આપતાં અચકાતા નથી કેમ ? બહાર - દુનિયા સામે પોતાની વાહ... વાહ... કરાવવી છે ને મોટાઈ દેખાડવી છે માટે ? પણ 'સાચી' પ્રભુ સેવા તો જનસેવા છે' એ ભૂલી જઈ 'અંદર'ની દયા - લાગણીઓને સૂકવી દઈ - બહાર 'ઈમેજ' ઊંચી કરવાથી ઈશ્વર રાજી રહે ખરો એ પ્રશ્ન થવો ઘટે...

'મહાભારત'માં 'કૃષ્ણ'નું કિરદાર નિભાવનાર ફિલ્મી અભિનેતા, વધુ રૂપિયા મળતા હોય તો 'રામાયણ' માં 'રાવણ' બનવા હઠાગ્રહી બને ત્યારે થાય કે આવું જીવવાનું કેવું ને કેમ ?

પોતાને 'પબ્લિક' કરતાં અલગ ગણતા સેલિબ્રિટીઝ કે નેતાઓના કહેવા ને કરવામાં ઉપદેશ ને આચરણમાં જે વિરોધાભાસ જોવા મળે છે તે 'દિખાવેગી દુનિયા!!'

પણ પોતાની 'વાહ.... વાહ....' માટે બહારનાઓને રાજી રાખતી વ્યક્તિ પોતાની અંદર બિરાજમાન 'આત્મદેવ' સમક્ષ ખુદની ઈમેજ કેટલી ડાઉન કરી રહ્યો છે તે એને ખબર નથી પડતી !

આ 'દિખાવેગી જિંદગી' જોઈ એબી - અભિમાભ બચ્ચનની જ ફિલ્મ 'નમકહલાલ' માં એમની ઉપર જ ફિલમાવાયેલ ગીત 'પગ ઘૂંઘરું બાંધ મીરાં નાચી થી....'ની પંક્તિઓ 'આપ અંદર સે કુછ ઑર, બહાર સે કુછ નજર આતે હો....' આપ કા તો બસ યહી સપના, રામનામ જપના.... પરાયા માલ અપના....' યાદ આવી જાય છે ને?

અંદરથી કંઈક અલગ ને બહારનો દેખાડો અલગ એવા 'અસલી - નકલી ચહેરા' સાથે દોગલું - બેવડું જીવન જીવવાથી બીજા ખુશ રહેશે પણ માંહ્યલો બિલકુલ પ્રસન્ન નથી રહેતો... ને અંતે આપણે રાજી તો એ 'રામ'ને રાખવાના છે ને ? જેવા છીએ તેવા દેખાઈને - વ્યક્ત થઈને એ આવશ્યક છે. અઘરું જરૂર છે પણ અશક્ય નથી... માટે 'દિખાવે કી જિંદગી' છોડવા પ્રયત્ન કરીએ....

આવા સુંદર સંદેસાનો પ્રસાર નાનકડા છતાં દમદાર નાટક દ્વારા કરનારા સ્વાધ્યાયી યુવાનોને અઢળક અભિનંદન અને તેમને પ્રેરણા આપનાર પૂ. દાદા તથા પૂ. દીદીને વંદન...

# કૃષ્ણ એટલે જીવન જીવવાની સહજતા

પ્રસંગસર
સતીપ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

આજે જન્માષ્ટમી, ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિન. '' જ્યારે કાળ આવે ત્યારે કોઈ રક્ષણ કરી શકતું નથી.'' એ વાત કૃષ્ણાવતારે સાબિત કરી આપી છે.

અંધારાં ઊતર્યાં રે ગોકુળ આઠમનાં , મથુરા નગર મોઝાર જી;
અરધી રાતે અંજવાળાં થયાં, પ્રગટ્યા ગોવિંદ ગોપાળ જી...
...'કાગ' કે ભરોંસો મને શ્રીકૃષ્ણનો, જન્મ્યો કંસ કેરો કાળ જી.

ભારત વર્ષમાં પાંચ હજાર વર્ષ પહેલાંની એ અંધારી આઠમે જન્મેલ કૃષ્ણ હજીએ ભગવદગીતામાં સાંપ્રત છે. કુરુક્ષેત્ર એટલે કર્મક્ષેત્ર જેમાં દેવ અને દાનવ વચ્ચે ખેંચતાણ ચાલતી હતી તેમ અત્યારના રાજકારણમાં પણ ચાલી રહ્યું છે. અશ્વસ્થામા હણાયો એવું કૃષ્ણ જુઠૂં બોલ્યા. વાસ્તવમાં અશ્વસ્થામા નામનો હાથી હણાયો હતો પણ તે વખતની પરિસ્થિતિ જોતાં ચોખવટ ન કરી અને તેના કારણે કૌરવોની છાવણીમાં સોંપો પડી ગયો. આ જુઠૂં બોલવું સમાજ માટે હિતમાં હતું. તે કુરુક્ષેત્રનું યુધ્ધ જીતવા માટે મદદરૂપ બન્યું. આમ, કૃષ્ણ એ પરિસ્થિતિ મુજબ મર્યાદાઓ અને પ્રતિજ્ઞાઓને તોડી તેનો અનુકૂળતા મુજબ અર્થ કરી કાર્યને સરળ બનાવે છે.

કૃષ્ણ યોગેશ્વર હોવા છતાં ભગવદગીતાના બીજા અધ્યાયમાં તેમના જીવનની સહજતા બતાવી છે તે સુદામાને દોડીને ભેટી શકે છે અને વિદુરની ભાજી પ્રેમથી આરોગી શકે છે. ગોપીઓ સાથે નાચી શકે છે ને કુબ્જાનો સ્વિકાર પણ કરી શકે છે. અર્જુનના સારથિ બની શકે છે તો ઘોડાઓના ઘાવ પણ સાફ કરી જાણે છે. કૃષ્ણમાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો ત્રિવેણી સંગમ હતો તેથી જ તેઓ તેમનો સ્વધર્મ ઓળખી શક્યા હતા.

યોગારૂઢ અવસ્થામાં કૃષ્ણના મોઢામાંથી જે ઉદ્ગારો નિકળ્યા તે ભગવદગીતામાં આવ્યા. ભગવદગીતામાં સંસારીએ જીવન કેમ ગાળવું તે શીખવ્યુ. ધર્મયુધ્ધ એટલે ન્યાય અને ધર્મ માટેની લડાઈ શીખવી. સૌ ઉપર પ્રેમ રાખી સત્યનિષ્ઠા, નિષ્કામ કર્મયોગ અને ભૂતદયા રાખવાનું શીખવ્યુ. તેમાં ઊંચ કે નીંચ જેવો વર્ણભેદ નથી. અને તેથી જ

ભગવદગીતાને આપણી માર્ગદર્શિકા - જીવનામૃત કીધી છે. કહેવાય છે કે ભગવદગીતા વિનાનું ઘર અધુરું ગણાય છે. ભગવદગીતાએ 'સ્વ' ની ' સર્વ 'ની ફિલસૂફી છે.

રાષ્ટ્રીય સંદર્ભમાં આપણે ભગવદગીતાને જોઈએ તો તે રાષ્ટ્ર ઉપર આવેલી આપત્તિ અને તેની સામે ઝઝૂમવાની પ્રેરણા આપી તે આપત્તિ દુર કેમ કરવી તે શિખવે છે અને તેથી જ ભગવદગીતા એ રાષ્ટ્રીય ગ્રંથ પણ છે. આપણા રાષ્ટ્રીય પુરુષોએ એમાંથી પર્યાપ્ત પ્રેરણા લીધેલી છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન શબ્દોમાં વાત કરીએ તો :'જ્યારે હું ભગવદગીતા વાંચું છું અને ઈશ્વરે કઈ રીતે આ વિશ્વનું સર્જન કર્યું તે વિશે ચિંતન કરું છું ત્યારે મને બીજું બધું નિરર્થક અને છીછરું જણાય છે. ' મહાત્મા ગાંધીનો તે આધ્યાત્મિક કોશ હતો. ગાંધીજી કહેતા કેઃ 'જયારે શંકાઓ મને ઘેરી વળે છે, જયારે હું નિરાશાઓની ગર્તામાં ધકેલાઈ જાઉં છું અને જયારે દૂર ક્ષિતિજે જયારે મને આશાનું એક પણ કિરણ નજરે ચડતું નથી તેવે સમયે હું ભગવદગીતાનો આશરો લઉં છું અને મને તેનાથી શાતા મળે છે, આરામ મળે છે અને એ દુઃખો ભરી પરિસ્થિતિમાં પણ મારા મુખ પર સ્મિત છવાઈ જાય છે. જેઓ ભગવદગીતાનું મનન કરે છે તેમને રોજેરોજ તેમાંથી કંઈક નવો અર્થ, નવો તાજો આનંદ મળેછે. જીવનમાં ડગલેને પગલે આવેલી મુસીબતોનો ઉકેલ તેમને ભગવદગીતામાંથી મળે છે.' વિનોબાએ ગીતાને ' ગીતાઈ ' એટલે ગીતામાતા કહી છે. કારણ કે ભીડને વખતે કોઈ માતાના શરણમાં જાય છે અને જે આશ્વાસનરૂપી અમૃત પાય છે તે પ્રકારનું જ્ઞાનામૃત ગીતામાતા પાસેથી મળે છે. તેમણે કીધુ કે '' મારું શરીર માના દૂધથી પોષાયુ છે; પણ તેથીયે વધુ મારા હુદય અને બુદ્ધિનું પોષણ ગીતાના દૂધથી થયું છે. '' તમામ સાંપ્રદાયિકતા અને વાણીથી મુક્ત એવા આ ગ્રંથનો વિશ્વની દરેક ભાષામાં તેનો અનુવાદ થયેલો છે. સંત જ્ઞાનેશ્વરે ૧૫ વર્ષની ઉંમરે ગીતા ઉપરનું ભાષ્ય ૯૦૦૦ જેટલી ઓલી (કડી)ઓમાં સૌપ્રથમ મરાઠીમાં ભાષાંતર કર્યું. તે કડીઓને સચ્ચિદાનંદ નામના તેમના અનુયાયીએ અક્ષરદેહ આપ્યો તે '' ભાવાર્થદીપિકા'' જે '' જ્ઞાનેશ્વરી ગીતા '' તરીકે પ્રખ્યાત છે. એડવિન આર્નોલ્ડે ગીતાનો અંગ્રેજીમાં અનુવાદ કરી તેનુ નામ ' દૈવી ગાન '( The song Celestial)એવું આધ્યાત્મિક નામ આપ્યું છે. વોરન હેસ્ટીંગે પણ ગીતાનો અનુવાદ અંગ્રેજીમાં કરાવ્યો હતો. ભગવાન કૃષ્ણનો આખો જન્મ એ કર્મની ગીતા છે એમ કહી શકાય. ગીતાના કૃષ્ણ એ કાલ્પનિક છે. અને ભૌતિક યુદ્ધનું વર્ણન એ નિમિત્ત છે. ખરેખર તો આ યુદ્ધ એ મનુષ્યના હુદયની અંદર નિરંતર ચાલતું દ્વંદ્વયુદ્ધનું જ વર્ણન છે. તેમાં ભૌતિક યુદ્ધ જરૂરી છે તેવું નથી બતાવ્યુ પણ તેની નિરર્થકતા બતાવી છે. યુદ્ધના વિજેતા પાસે રુદન કરાવ્યું છે. મહર્ષિ અરવિંદ કહેતા કે,'' ગીતા એ માત્ર કોઈ પુસ્તક કે ગ્રંથ નથી, એ એક જીવતું જાગતું સર્જન છે. તેમાં દરેક યુગના લોકો માટે એક નવો જ સંદેશ અને નવો અર્થ આપે છે. '' અંગ્રેજ ફિલસુફ આલ્ડસ હક્સલે ગીતાને પેરેનિયલ ફિલોસોફીકલ ગ્રંથ કહ્યો હતો એટલે કે અનંત વર્ષો સુધી તે રિલેવંટ રહેશે.

 sschaaran_aaa@yahoo.co.in
(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧